મહત્તમ : ૪૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૧ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં નવા ટ્રાફિક નિયમનો ભંગ

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં કોરોનાને પગલે રેગ્યુલર દિવસ કરતા હાલના દિવસના ટ્રાફિકના નીતિ-નિયમ ને પણ અલગ કરવામાં આવ્યા છે. પહેલા એક ટુ વ્હીલર ઉપર ત્રણ-ત્રણ ચાર-ચાર સવારી જતા હતા હવે ફક્ત એક જણ ટુ-વ્હીલર પર જઈ શકશે તેવો નિયમ બહાર પડાયો છે. આ ઉપરાંત ફોર વ્હીલરમાં વન પ્લસ ટુ - ત્રણ જણા જ જઈ શકે છે. પરંતુ કોરોનાથી બચવાનો કોઈ ઈરાદો લાગતો નથી તેમ લાગી રહ્યું છે. કારણકે જેમ લોકો ડાઉનમાંથી થોડી ઘણી છૂટછાટ મળી રહી છે તેમ શહેરીજનો ખુલ્લા મનથી બહાર નીકળી રહ્યા છે અને ઉપરાંત ઘરની બહાર નિયમનો ભંગ કરી રસ્તા ઉપર હરી ફરી રહ્યા છે.

સરકારના નિયમ મુજબ લોક ડાઉન લોડ બાદ ઘરની બહાર નીકળવા માટે કે આવશ્યક ચીજ વસ્તુઓની ખરીદી કરવા માટે નીકળવું હોય કે ઓફિસ પણ જવું હોય તો પણ ટુ વ્હીલર પર સિંગલ એક જ વ્યક્તિ જઈ શકશે અને ગાડી માં ૩ વ્યક્તિ મુસાફરી કરી શકશે તેવો નિયમ બહાર પાડવામાં આવ્યો છે. કોરોના સંક્રમણથી બચવા માટે હવે શહેરીજનોએ જાગૃત થવું પડશે તેવું તંત્ર દ્વારા દર વખતે કહેવામાં આવે છે. તેની જગ્યા એ સરકારના નિયમ વિરુદ્ધ એક સાથે બધા ઘરની બહાર નીકળી રહ્યા છે. ઉપરાંત ટુ વિહલર પર એક ની જગ્યા એ બે અને ગાડીમાં ત્રણ ની જગ્યા એ વધુ જણ અવર જવર કરી રહ્યા છે. એક બાજુ પોલીસ કર્મીઓ પાસે પુરા દિવસ નું કામ છે જ ઉપરથી નગરજનો દ્વારા સહકાર ના મળતો હોવાથી તેમના કામમાં પણ વધારો થયો છે. હવે જનતા ઈચ્છે છે શું તે સમજવું રહ્યું. જો સૌનો સાથ નહીં મળે તો કોરોનાની મહામારી સામે લડવું મુશ્કેલ બની જશે તેમ વર્તાય રહ્યું છે.

ઘ-ઉના પેટ્રોલ પંપ ઉપર સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરાવવા માટે સફેદ રંગના પટ્ટા દોરવામાં આવ્યા છે. કર્મચારીઓ પણ માસ્ક, હેન્ડ ગ્લવ્ઝ સાથે સજ્જ જોવા મળ્યા હતા. હેન્ડ સેનેટાઈઝરનો પણ અહીં ભરપૂર ઉપયોગ થતો જોવા મળ્યો હતો.

‘ક’ માર્ગને જોડતાં એન્ટ્રી પોઈન્ટ ખુલતાં વાહન વ્યવહાર વધ્યો

જીઆઈડીસીમાં કામકાજ શરૂ થયા : માર્ગ નં. ૫ અને ૬ પરના એન્ટ્રી પોઈન્ટ બંધ હોવાથી કાપવાં પડતાં લાંબા ચક્કરમાંથી છુટકારો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં લોકડાઉન-૪માં હવે છુટછાટો જાહેર કરવામાં આવતા શહેર ફરી ધમધમી ઉઠયું છે અને શહેરના માર્ગો પર ટ્રાફિકમાં ભારે હલચલ જોવા મળી રહી છે. લોકડાઉન-ઉના અંતિમ ચરણમાં શહેરને સંપૂર્ણ શટડાઉનની સ્થિતિમાં મુકવામાં આવ્યું હતું જેને કારણે શહેરના ‘ક’ રોડને જોડતા માર્ગો રોડ નં. ૫ અને ૬ પર રેલવે ફાટક પાસેથી બંધ કરી દેવામાં આવ્યા હતા જે હવે ફરી આંશિક રીતે ખોલી દેવામાં આવ્યા છે. જેના કારણે ‘ક’ માર્ગ પર ફરી એકવાર ટ્રાફિકમાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે.

લોકડાઉન-ઉના અંતિમ ચરણમાં શહેરમાં કોરોના કેસોની સંખ્યામાં વધારો થતાં સમગ્ર શહેરમાં તા. ૧૭મી મે સુધી સંપૂર્ણ શટડાઉન જાહેર કરવામાં આવ્યું હતું જે અંતર્ગત દૂધ અને દવા સિવાયના તમામ વેપાર ધંધા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ સાથે શહેરમાં વાહન વ્યવહાર પર પણ અંકુશ રાખતા નિયમો લાગુ કરવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં શહેરમાં બહારથી આવતા વાહનો પ્રવેશ ના મેળવ તે હેતુથી ચોતરફથી સીલ કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના ‘ક’ રોડ પર ટ્રાન્સપોર્ટ વ્હિકલ્સની અવરજવરને કારણે બાકાત રાખવામાં આવ્યો હતો પરંતુ આ માર્ગ પરથી કોઈ શહેરમાં બનજરુરી પ્રવેશ મેળવી કોરોના સંક્રમણને વેગ ના મળે તે હેતુથી ‘ક’ રોડને જોડતાં માર્ગો પૈકી રોડ નં. ૫ અને ૬ને રેલવે ફાટક પાસેથી બંધ કરી દેવામાં આવ્યા હતા જયારે માર્ગ નં. ૩ પર માત્ર વાવોલ ફાટક પાસે કડક બંદોબસ્ત અને ચકાસણી સાથે અવરજવરની છુટ આપવામાં આવી હતી. આ સંજોગોમાં વાવોલના ‘ક’ માર્ગ નજીકના રહીશોને પણ શહેરમાં પ્રવેશવા ગામમાં થઈને જવું પડતું હતું. જો કે હવે લોકડાઉન-૪માં છુટછાટ અપાતા માર્ગ નં. ૫ અને ૬ પરના એન્ટ્રી પોઈન્ટ પર એક તરફનો રોડ ખોલવામાં આવ્યો છે જેથી ‘ક’ માર્ગ પર ટ્રાફિક વધ્યો છે. આ બંને એન્ટ્રી પોઈન્ટ પર છુટ મળતાં સે-૨૫ જીઆઈડીસીમાં મધુર ડેરી પર કેરી અને શાકભાજી લેવા ઉપરાંત જીઆઈડીસીમાં પણ કામકાજ શરૂ થઈ જવાથી વાહન વ્યવહારમાં વધારો થવા પામ્યો છે અને ફરી એકવાર ‘ક’ રોડ રાબેતા મુજબ ધમધમતો થયો છે.

ચિરવિદાય

- સ્વ. જયસ્વાલ વિનોદભાઈ જીવણભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. મનહરલાલ કેશવલાલ આચાર્ય, ઉ.વ. ૮૯
- સ્વ. વાઘેલા વિજયસિંહ દશરથસિંહ, ઉ.વ. ૪૦
- સ્વ. ચંદ્રાબેન કમુજી ખાંટ, ઉ.વ. ૬૫

સામાન્ય પ્રવાહના પરિણામના ખોટા વાયરલ મેસેજને પગલે બોર્ડ દ્વારા ફરિયાદ

ગાંધીનગર, તા.૨૦

સોશ્યિલ મિડીયામાં બે દિવસ પહેલા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું છે તે પ્રકારની ખોટી વાત વહેતી થઈ હતી. જેમાં કોઈએ અખબારી યાદી તૈયાર કરીને તા.૧૯ મે મંગળવારના રોજ સવારે ૮ વાગે પરિણામ જાહેર થવાનું હોવાના બોગસ સમાચાર ફરતા કર્યા હતા. ૧૬ મે ના રોજ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ અંગે અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. જેમાં કોઈ વ્યકિતએ છેડછાડ કરીને પરિણામની તારીખે ૧૭ મે રવિવારને બદલે ૧૯ મે મંગળવારના રોજ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના સ્થાને ધો-૧૨ સામાન્ય પ્રવાહ કરી દીધુ હતું. સોશિયલ મિડીયામાં આ પ્રકારના મેસેજ ફરતા કરીને વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો હતો. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધ્યાન જતા બોર્ડ દ્વારા તેજ દિવસે સમાચાર ખોટા હોવાનું જાહેર કર્યું હતું. ત્યારે આ અંગે બોર્ડના મદદનીશ સચિવ અશોકકુમાર ખસતિયાએ સેકટર-૭ પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ચિલોડાના વેપારી સામે માસ્કના નામે રૂપિયા એક લાખની ઠગાઈ

ગાંધીનગર, તા.૨૦

વૈશ્વિક સ્તરે કોરોનાએ કોહરામ મચાવ્યો છે. ત્યારે કોરોનાની મહામારી વચ્ચે માસ્કનો વેપાર કરવાનું વિચારતા વેપારી સાથે એક લાખની ઠગાઈ થઈ છે. ચિલોડા ખાતે લોઅર અને ટીશર્ટનો વેપાર કરતા વેપારી સોમવીર ધરમવીર કાદયાણે લોકડાઉનમાં વેપાર-ધંધા બંધ હોવાથી માસ્કનો વેપાર કરવાનો વિચાર આવ્યો હતો.માસ્કની ખરીદી માટે તેના મિત્રએ મનજીત નામના એક યુવાનનો નંબર આપ્યો હતો. જેથી સોમવીરે ગત તા.૪ મે ના રોજ ફોન પર વાત કરીને એક કંપનીના ૧૦ હજાર માસ્ક લેવાનું ફાઈનલ કર્યું હતું. ૧૦ હજાર માસ્કના રૂ.૫ લાખ નક્કી થયા હતા. તેમાં ૧ લાખ રૂપીયા મનજીતે એડવાન્સ માંગ્યા હતા અને બાકીના રૂપીયા ડિલીવરી સમયે આપવાનું નક્કી કર્યું હતું.

જેથી સોમવીરે મનજીતે આપેલા એકાઉન્ટમાં એક લાખ રૂપીયા આરટીજીએસ દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. સમય મુજબ ચાર પાંચ દિવસમાં માસ્ક ન આવતા યુવકે મનજીતને ફોન કર્યો હતો , પરંતુ ફોન બંધ આવી રહ્યો હતો. થોડા દિવસ સંપર્ક કરવાના પ્રયત્નો કર્યા પછી યુવકને પોતાના સાથે છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવી ગયો હતો. જેથી યુવકે ચિલોડા પોલીસ મથકમાં ઠગાઈ અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

કોરોનાના કારણે મૃત્યુ પામેલ પોલીસ કર્મીઓને સે-૭ પોલીસ મથકના જવાનો દ્વારા શ્રધ્ધાંજલિ

કોરોનાની મહામારી વચ્ચે પોતાના જીવના જોખમે ફરજ બજાવતા સમયે કોરોનાની લપેટમાં આવી જઈને શહીદ થનાર પોલીસ કર્મચારીઓનો ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના ઈન્સ્પેકટર જિતેન્દ્રસિંહ સિંધવ સહિતના પોલીસ જવાનોએ બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

શહેરમાં બજારો તો ખૂલ્યાં, પરંતુ ગ્રાહકોની ઓછી હાજરી

સાંજે ૪ વાગ્યા પછી દુકાનોના શટર ફરી પડી જાય છે : બપોરે કાળઝાળ ગરમી હોવાથી ઘણા વેપારી પોલીસ બજાર બંધ કરાવવા આવે તે પહેલા જ દુકાન બંધ કરી ઘર ભેગા થઈ જાય છે

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં લોકડાઉન-૪ના પ્રારંભ સાથે જ મળેલી છુટછાટોના કારણે મોટા ભાગના વેપાર ધંધા પુનઃ શરુ થઈ ગયા છે. જો કે સરકાર દ્વારા આપવામાં આવેલ આંશિક છુટછાટના નિયમો મુજબ સાંજે ૪ વાગે તમામ દુકાનો બંધ કરી દેવામાં આવે છે. બીજી તરફ બે દિવસથી શરૂ થયેલા વેપાર ધંધામાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ઉપરાંત પાન-મસાલા સિવાયની દુકાનોમાં હજુ પણ ગ્રાહકોની ગેરહાજરી પ્રવર્તી રહી છે. જો કે મોબાઈલ શોપમાં સારી ઘરાકી જોવા મળી રહી છે પરંતુ સરેરાશ ઘરાકી ઓછી હોવાનું એક કારણ ઉનાળાની ગરમી પણ હોઈ શકે છે.

ગાંધીનગરમાં ૫૫ દિવસના અંતે શરૂ થયેલા બજારોમાં વેપારીઓ દ્વારા પહેલા બે દિવસ તો દુકાન કે શો રૂમની સાફસફાઈમાં જ સમય વ્યતીત કરવામાં આવ્યો હતો. હજુ પણ કર્મચારીઓની પુરતી હાજરી ના હોવાથી અનેક દુકાનોમાં માલ સ્ટોકની પુનઃ ગોઠવણી તથા સાફસુફી વગેરેમાં મંદ ગતિએ કામકાજ થઈ રહ્યા છે. કપડાં, જૂતાં, ઈલેકટ્રોનિકસ ઉપકરણો જેવી દુકાનોમાં ગ્રાહકો હજુ પગથિયું ચડયા નથી પરંતુ બીજી તરફ મોબાઈલ શોપ ઉપરાંત પાનના ગલ્લા પર વેપાર ધમધમવા લાગ્યા છે. જો કે સરકાર દ્વારા માત્ર સાંજના ૪ વાગ્યા સુધી જ દુકાનો ખુલ્લી રાખવાની મંજૂરી આપવામાં આવી હોવાથી સાંજ પડતા જ બજારો ફરી સુમસામ બની જાય છે. પોલીસ દ્વારા પણ સાંજે ૪ વાગે દુકાનો બંધ થઈ જાય તેની તકેદારી રાખવામાં આવી રહી હોવાને પગલે બપોરથી દુકાનો બંધ કરી દેવાની અને ઘરે જતા રહેવાની નીતિ અખત્યાર કરવામાં આવતી જોવા મળી રહી છે. આ કારણે શહેરમાં માત્ર સવારથી બપોરના એક બે વાગ્યા સુધી જ બજારોમાં ચહલ પહલ વર્તાય છે પછી સાંજથી ફરી બજારો સુમસામ બની રહ્યા છે. અત્યારે શરૂ થયેલા બજારોમાં મોબાઈલ શોપમાં, મોબાઈલ રીપેરીંગ અને રિચાર્જ વગેરેમાં પણ સારી એવી ઘરાકી જોવા મળી રહી છે જેનું કારણ લોકડાઉન દરમિયાન સમય પસાર કરવાથી માંડીને અગત્યની માહિતી મેળવવા અને સગા સ્નેહીજનોના સંપર્કમાં રહેવા મોબાઈલ ઉપયોગી સાબિત થયો હોવાથી તેમ બન્યું હોવાનું જણાય છે.

કોરોનાની મહામારી વચ્ચે લોકડાઉનમાં છૂટછાટ આપવામાં આવી છે. જો કે અમુક નિયમોના પાલન સાથે આ છૂટ દેશભરમાં અમલી છે. શહેરના સેકટર-૭ વિસ્તારમાં આવેલા શાકમાર્કેટમાં શાકભાજીનું વેચાણ શરુ થઈ ચુકયું છે. જો કે વેચાણને ૪ વાગ્યા સુધીની જ મંજુરી હોઈ શાકભાજીની લારીઓ સાંજે જતી રહી હતી. અહીં કાયદાનો પૂરેપૂરો અમલ થઈ રહ્યો છે.

લો, બોલો... હજુ અમુલ પાર્લરો પર માસ્કનો સ્ટોક નથી પહોંચ્યો...!!

લોકડાઉન-૪ના ગુજરાતમાં કેવા રંગ-રૂપ રહેશે તેની જાહેરાત કરતી વખતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયભરના અમુલ પાર્લરો પર માસ્કના સસ્તા ભાવે વેચાણની જાહેરાત કરી હતી જેમાં સાદા માસ્ક રૂ.૫ના અને એન-૯૫ માસ્ક રૂ. ૬૫ના ભાવે મળશે તેવી જાહેરાત કરી હતી. જો કે આ જાહેરાતને બે દિવસ થયા પરંતુ ગાંધીનગરના અમુલ પાર્લર પર હજુ સુધી માસ્કનો સ્ટોક આવ્યો નથી જેના કારણે માસ્ક ખરીદવા આવતા ગ્રાહકોને ધરમ ધક્કો પડી રહ્યો છે. સરકારની આ જાહેરાત પછી નાગરિકો અમુલ પાર્લર પરથી સસ્તા ભાવે મળનારા માસ્ક ખરીદવામાં સારો રસ દાખવી રહ્યા છે જેથી સત્વરે દરેક પાર્લર પર માસ્કનો પુરતો જથ્થો પહોંચે તેની સરકારે સત્વરે તકેદારી લેવાની જરુર છે.